# કલ્ચરલ ફોરમની રંગોળી સ્પર્ધામાં અનોખી કળાની અભિવ્યક્તિ

## જાણીતા કવિ અને ચિત્રકાર માધવ રામાનુજે શહેરના કલાકારોને બિરદાવ્યા : મેયર રીટાબેન પટેલ અને સ્ટેન્ડીંગ ચેરમેન જીગાબાપુની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨૪

દીવાળીના તહેવારમાં નાની-મોટી ચીજવસ્તુઓનું અનેરૂ મહત્વ છે. ત્યારે આંગણામાં પ્રવેશતા જ ઘરની શોભા વધારતી રંગોળીની વાત જ કંઈક ઓર છે. રંગોળીની પ્રથા પ્રાચીનકાળથી ચાલતી આવે છે જેની પાછળ શુભ કામનાની ભાવના પ્રગટ થતી હોય છે.



શહેરની જાણીતી સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત નગરકક્ષાની રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. અલગ અલગ એમ ચાર વયજૂથમાં યોજાઈ હતી જેમાં ૮ થી ૧૦, ૧૧ થી ૨૦, ૨૧ થી ૪૦ અને ૪૧ વર્ષથી વધુ એમ અલગ અલગ વયજૂથ રાખવામાં આવ્યા હતા. જેમાં ૧૦૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક જૂથમાં વિજેતાએને પ્રથમ, દ્વિતીય અને તૃતિય એમ ત્રણ કેટેગરીમાં ઈનામ આપવામાં આવ્યા હતા. તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. ફ્રી હેન્ડ વિષય સાથે યોજાયેલ રંગોળી સ્પર્ધામાં સ્પર્ધકોએ રંગોળી પાવડર, કલરીંગ રેતી, ચમકતો સૂકો પાવડર, જરીથી રંગોળી કરી હતી.

સ્પર્ધકો દ્વારા મોર, ફ્લાવર, ગણપતિ, શિવજી, રાધા-કૃષ્ણ, ગણેશ-પાર્વતી આ ઉપરાંત ગાંધીજી, બેટી બચાવો બેટી પઢાઓ, ચાઈલ્ડ એજ્યુકેશન, નો પ્લાસ્ટીક બેગ્સ, સ્ટોપ ચાઈલ્ડ લેબર જેવા સોશ્યિલ મેસેજ આપતી રંગોળી તૈયાર કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે આર્ટ સાથે યોજાયેલ ગુણવંતભાઈ પરમાર, પોટ્રેટ આર્ટીસ્ટ ઈન્દ્રજીતસિંહ સોલંકી, સ્ટીપ્લીંગ આર્ટીસ્ટ નરેન્દ્રભાઈ ચૌહાણ તથા એબ્સ્ટ્રેક્ટ પેઈન્ટર નીલુબેન પટેલે ફરજ બજાવી હતી.

કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા કવિ તથા ચિત્રકાર માધવ રામાનુજ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન હિરેન ભટ્ટ તથા આભારવિધિ રાજુભાઈ જોષી દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના અગ્રણીઓ સર્વ શ્રી પ્રકાશ લાલા, દિપક ભટ્ટ, શાંતિલાલ ઘોઘારી, રાજન શાહ, નરેશભાઈ ઠક્કર, હરેશ રાઠોડ, મયંક દવે, જયરાજસિંહ સરવૈયા, કાર્તિકભાઈ પટેલ, બિપીનભાઈ રાવલ, અતુલ અમીન, વત્સલ વોરા, નિમેષ રાવલ, સી. એલ. મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી. ઉલ્લેખનીય છે કે આ રંગોળી સ્પર્ધા યુ ટ્યુબ ચેનલ લાઈવ ગાંધીનગર પર નિહાળી (live gandhinagar) શકાશે.

### રંગોળી સ્પર્ધાનાં વિજેતા

| ગ્રુપ | ઉંમર | ક્રમ | નામ | કૃતિ |
|---|---|---|---|---|
| એ | ૮ થી ૧૦ | પ્રથમ | ખનક ચનીયારા | સનસેટ |
| એ | ૮ થી ૧૦ | દ્વિતિય | જાનવી શાહ | ગણપતિ |
| એ | ૮ થી ૧૦ | તૃતિય | સ્વરા મોડાસિયા | ફ્લાવર |
| બી | ૧૧ થી ૨૦ | પ્રથમ | બ્રિન્દા પટેલ | કૃષ્ણ |
| બી | ૧૧ થી ૨૦ | દ્વિતિય | નરેન્દ્ર પટેલ | સર્કલ ડિઝાઈન |
| બી | ૧૧ થી ૨૦ | તૃતિય | રિયા ઠક્કર | ફ્લાવર |
| સી | ૨૧ થી ૪૧ | પ્રથમ | હિમાંશી રાણા | રાઉન્ડ ડિઝાઈન |
| સી | ૨૧ થી ૪૧ | દ્વિતિય | અંકુર ચૌધરી | રાધા-કૃષ્ણ |
| સી | ૨૧ થી ૪૧ | તૃતિય | ફોરમ સુથાર | શ્રીકૃષ્ણ |
| ડી | ૪૧થી વધુ | પ્રથમ | ચંદ્રેશ સોની | મોર |
| ડી | ૪૧ થી વધુ | દ્વિતિય | અનિલકુમાર જાની | સ્ટિકર ફ્રિ હેન્ડ |
| ડી | ૪૧થી વધુ | તૃતિય | સાધનાબેન જોષી | - |

**કલ્ચરલ ફોરમ દ્વારા થતી સ્પર્ધા સરાહનીય છે. મારા મતે તો ગુજરાત લેવલની સ્પર્ધા યોજી દરેક વિજેતાઓ વચ્ચેની સ્પર્ધા કલ્ચરલ ફોરમે ગોઠવવી જોઈએ : માધવ રામાનુજ**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહેન, એક હજારનાં ફટાકડા પર ફટાકડા ફોડવા જરૂરી એવી છત્રી ફ્રી છે...





ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષના ભવ્ય વિજય બદલ આતશબાજી કરવામાં આવી હતી. કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટરો, વિવિધ સેલના ચેરમેનો તથા વિવિધ કોંગી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેક્ટર-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાયેલા આતશબાજીના આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ અને નીશિથભાઈ વ્યાસની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી.

# ખ માર્ગ પર ગટરોની સમસ્યાને દુર કરવા ટૂંકમાં લાઈનનું કામ હાથ ધરાશે

## સે-૧૬ના ખાણીપીણી બજારમાં પણ ગટરોનુ દુષિત પાણી ઉભરાશે નહીં : મેઇનહોલનુ કામ પુર્ણ થતા સમસ્યાનો અંત આવશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા પેચીદી બની છે. સેકટરોમાં ગટરોના દુષિત પાણી ફરી વળતા સ્થાનિક રહીશો ખદબદતી ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. શહેરના સે-૧૬ માં ખાણીપીણી બજાર સહીતના વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાને કાબુમાં લેવા તંત્ર દ્વારા મેઈનહોલનુ સમારકામ પુર્ણ કરી દેવાયુ છે. જેના લીધે આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવશે જયારે ખ માર્ગ આસપાસના રહેણાંક વિસ્તારમાં પણ ગટર ઉભરાવાની સમસ્યાને કાબુમાં લેવા માટે તંત્ર દ્વારા ટુંકમાં લાઈનનુ જોડાણ આપવાની કામગીરી પણ હાથ ધરાશે.

શહેરના સેકટરોમાં ઠેર ઠેર ગટરોના દુષિત પાણી ઉભરાતા નજરે પડે છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી કાર્યરત ગટર લાઈન સેકટરની વસતી અને વિકાસની સામે પર્યાપ્ત ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. મેન પાવર અને મશીનરીના અભાવ વચ્ચે કામ કરતુ તંત્ર પણ ગટર લાઈનની ફરિયાદો ડામવા માટે સક્ષમ નથી. આવા સંજોગોમાં સ્માર્ટ બનવા તરફ આગળ વધતા શહેરમાં નવી ગટર લાઈન નાંખવા માટે પણ આયોજન કરાયુ છે. પરંતુ આ કામગીરી હજુ પુર્ણ કરાતા સમય લાગે તેમ છે. સ્માર્ટ સીટી અંતર્ગત સમગ્ર શહેરમાં મુખ્ય ગટર લાઈન બદલવાનુ કામ હાથ ધરવામાં આવશે. પરંતુ હાલ સેકટરોમાં ગટર લાઈનમાં ઠેર ઠેર ભંગાણ થતા જોવા મળી રહ્યા છે. ગટરો ઉભરાતા તંત્ર પણ દોડતુ થાય છે. બીજીતરફ સેકટરોમાં ઉભરાતા ગટર લાઈનના દુષિત પાણીના લીધે સ્થાનિક રહીશો પણ ત્રાહીમામ પોકારી ગયા છે.

સે-૧૬ માં ખાણી પીણી બજાર સહીતના વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાતા રોગચાળાની દહેશત વચ્ચે જન આરોગ્ય પર ખતરો મંડરાયો હતો આ સ્થિતિને નિવારવા માટે તંત્રએ સે-૧૬ માં ગટર લાઈન બદલવા માટે કામ હાથ ધર્યુ હતુ. જયારે આ કામગીરી પુર્ણ થતા હવે સે-૧૬ ના ખાણીપીણી બજારમાં ગટરો ઉભરાવાની સમસ્યા હલ થશે. આ ઉપરાંત નગરના ખ માર્ગ પર ગટરો ઉભરાતા આસપાસના રહેણાંક વિસ્તારની સોસાયટીમાં પણ દુષિત પાણીનો ભરાવો થતો હોવાની વ્યાપક ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. જેને નિવારવા માટે ટુંકમાં જ ખ માર્ગની ગટર લાઈનને જોડાણ આપવાનુ કામ પણ હાથ ધરવામાં આવશે. જેના લીધે સેકટરોમાં ઉભરાતી ગટરોની સમસ્યા હલ થશે. જો કે આ કામગીરી દિવાળી બાદ હાથ ધરાશે. હાલ સેકટરોમાં ગટરોની સમસ્યાને ડામવા માટે ભાડા પેટે બે સુપર શકર મશીન પણ કાર્યરત કરાયા છે.

## જિલ્લાના ૩૦૦ શિક્ષકોનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં શિક્ષક તરીકેની નોકરીના ૩૧ વર્ષની સેવાઓને અંતે ઉચ્ચત્તર પગારધોરણ આપવાના ૩૦૦ કેસને આજે જિલ્લા શિક્ષણ સમિતિએ મંજૂરી આપી છે.

૩૦૦ શિક્ષકોને આ ઉચ્ચત્તર પગારધોરણનો લાભ દિપાવલી ગિફ્ટ બની ગયેલ છે. જિલ્લામાં ૩૦૦ શિક્ષકો ૩૧ વર્ષની લાંબી સેવાઓ શિક્ષણક્ષેત્રે આપી રહ્યા છે. આ પૈકી ૪૦ થી વધુ શિક્ષકો વયમર્યાદાને લઈ નિવૃત્ત પણ થયા છે તેમને પણ આ ઉચ્ચત્તર પગારનો લાભ મળશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ અંગે શિક્ષણ સમિતિ દ્વારા લેવાયેલા હકારાત્મક પગલાંનો શિક્ષણજગતે આવકાર આપ્યો છે.



સંસ્કાર ગ્રુપના બાળકો દ્વારા ભેગા મળી દિવાળી કાર્ડ બનાવવામાં આવ્યા હતા.

## સે-૭/ડીમાં નૂતન વર્ષ સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર શહેરીજન સંસ્થા, સે-૭/ડી અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ સે-૭/ડી દ્વારા દર વર્ષની જેમ વિક્રમ સંવત ૨૦૭૬ના કારતક સુદ એકમને સોમવારના રોજ સવારે ૭ થી ૭.૩૦ સુધી નૂતન વર્ષ સ્નેહમિલન સે-૭/ડીના બગીચામાં યોજાશે. સે-૭/ડીના સર્વે શહેરીજનોને સહપરિવાર પધારવા સંસ્થા દ્વારા જણાવાયું છે. નૂતન વર્ષના નવલા પ્રભાતે પ્રમુખ સુમંતભાઈ એમ. શાહ દ્વારા સર્વને આવકારી અભિવાદન કરી આશીર્વાદ સાથે શુભેચ્છાઓનું આદાન પ્રદાન કરશે. ડૉ. ભાલચંદ્ર ઠાકર દ્વારા સર્વને સૂર્ય પૂજન કરાવી શાંતિમંત્રથી નવા વર્ષને વધાવાશે. જયારે આનંદ લાફીંગ કલબના અગ્રણી રમેશભાઈ જોષી દ્વારા કેટલીક હાસ્ય કસરતો કરાવાશે તેમ સંસ્થાના પ્રમુખ સુમંતભાઈ શાહ દ્વારા જણાવાયું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## દિવાળી-બેસતા વર્ષે સિટી બસ સેવા બંધ રહેશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં સેવા આપી રહેલી સિટી બસ સેવાના સંચાલકો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર આગામી તા. ૨૭ અને ૨૮ ઓક્ટોબર દરમ્યાન અનુક્રમે દિવાળી તથા નૂતન વર્ષના તહેવારોને પગલે સિટી બસ સેવા બંધ રહેશે. દિવાળી અને નૂતન વર્ષના દિવસે મુસાફરોની સંખ્યા નહિવત રહેતી હોવા સાથે બસસેવાના ડ્રાયવર-કંડકટર્સ સહિતના કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં રજા ઉપર હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તા. ૨૯મી ઓક્ટોબરથી સિટીબસ સેવા રાબેતામુજબ પુનઃ કાર્યરત થઈ જશે તેવુ સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું છે જેની જાહેર જનતાએ નોંધ લેવા જણાવાયું છે.

## મુખ્યમંત્રી નૂતનવર્ષે ગાંધીનગર-અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છા આપ-લે કરશે

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તા. ૨૮ ઓક્ટોબર-૨૦૧૯ને સોમવારે નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે સવારે ૮.૩૦ થી ૯ સુધી નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદન અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે.

મુખ્યમંત્રી વિક્રમ સંવત ૨૦૭૬ના પ્રથમ દિવસે સવારે ૮ કલાકે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે. તેઓ સવારે ૯ કલાકે રાજ્યપાલશ્રીને રાજભવન ખાતે મળીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. વિજયભાઈ રૂપાણી સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી અમદાવાદમાં એનેક્ષી સરકીટહાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે. તે પૂર્વે મુખ્યમંત્રી ૯.૪૫ વાગ્યે અમદાવાદમાં ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે પણ જવાના છે.

# દિવાળીની પૂર્વ સંધ્યા પર ગિફ્ટ સિટીને લાઈટિંગથી સજાવાશે

ગાંધીનગર, તા. ૨૪

ભારતનું પ્રથમ કાર્યરત થયેલું સ્માર્ટ સિટી અને ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર, ગિફ્ટ સિટી દિવાળીનાં તહેવારની ઉજવણી સુશોભન અને ઝગમગાટ સાથે કરશે. ગિફ્ટ સિટી કાર્યરત થયા પછી પહેલી વાર દિવાળીમાં ઝળહળી ઉઠશે. તહેવારનાં આનંદ અને ઉત્સાહને આગળ વધારવા સિટીમાં ૨૬ ઓક્ટોબર, ૨૦૧૯ને શનિવારે અને ૨૭ ઓક્ટોબર, ૨૦૧૯ને રવિવારે મુલાકાતીઓ માટે ફૂડ ફેસ્ટિવલનું આયોજન પણ થશે. આ ગિફ્ટ સિટીને જીવંત બનાવવા માટેનો મહત્ત્વપૂર્ણ પ્રયાસ બની રહેશે.

આ પહેલ પર ગિફ્ટ સિટીનાં એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રેએ કહ્યું હતું કે, ''ગિફ્ટ સિટી અત્યારે નાણાકીય અને ટેકનોલોજી વ્યવસાયો તથા વૈશ્વિક કક્ષાનાં માળખાનો પર્યાય બની ગયું છે. દરેકને અહીં વૈશ્વિક કક્ષાની ખાસિયતોનો અનુભવ મળે તથા દરેકને ગિફ્ટી સિટીમાં રહેલી તકોને લાભ મળે એવું અમે ઈચ્છીએ છીએ. એટલે અમે સ્થાનિક લોકો સાથે જોડાવા માંગીએ છીએ. આ કારણે તહેવારનાં રંગમાં ગિફ્ટ સિટીને લાઈટિંગથી સજાવવાની પહેલ કરવામાં આવશે. પહેલી વાર સંપૂર્ણ સિટી તહેવારમાં લાઈટિંગથી શોભી ઉઠશે.''

# આઈ.આઈ.ટી.ઈ. ખાતે નવનિયુક્ત ૧૫ અધ્યાપકોને નિમણૂક પત્ર અર્પણ

ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (આઈઆઈટીઈ) ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના સંકલ્પ સિદ્ધિના આહવાનને ઊજાગર કરવાના હેતુસર રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ




ચુડાસમાના હસ્તે કુલપતિ ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષસ્થાને નવનિયુક્ત ૧૫ અધ્યાપકોને શુભેચ્છા સાથે નિમણૂક પત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નવનિયુક્ત અધ્યાપકોને શુભેચ્છા પાઠવતા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ટીચર્સ યુનિવર્સિટીનો સૌ પ્રથમ વિચાર રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આવ્યો હતો. ક્વોલીટી એજ્યુકેશનની સાથે સાથે ટીચર્સ ક્વોલીટીનાં મુખ્ય ધ્યેય સાથે આ સંસ્થાની શરૂઆત કરાઈ છે. આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલને અભિનંદન આપતા મંત્રીએ ઉમેર્યુ કે, તેમની ટીમના પ્રયત્નોથી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર થતું જોઈ રહ્યો છું.

ચુડાસમાએ વધુમાં ઉમેર્યું કે, પોતાની જવાબદારીમાં પ્રમાણિકતા અને નિષ્ઠાપૂર્વક એક કદમ આગળ ચાલીએ એ જ સાચી દેશ સેવા છે. નિષ્ઠાપૂર્વક શિક્ષક તરીકેની જવાબદારી નિભાવીને શૈક્ષણિક પદ્ધતિને વધુ સરળ બનાવવા અંગે રીસર્ચ કરવા મંત્રીએ આહવાન કરી નવનિયુક્ત અધ્યાપકોને કહ્યું હતું કે, તમારી પસંદગી યથાર્થ છે તે તમારે તમારા કૌશલ્યથી સાબિત કરી બતાવવાનું છે.

આ પ્રસંગે આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, નિયત સમયમર્યાદા પહેલા ભરતી પ્રક્રિયાઓ પૂર્ણ કરી છે તેનો હું ગર્વ અનુભવું છુ. શિક્ષક અને મંત્રીના કોમ્બીનેશન એવા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના સતત માર્ગદર્શન હેઠળ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન એવા ''ક્વોલીટી એજ્યુકેશન-ક્વોલીટી રીસર્ચ''ને સાકાર કરવાનો અમારો સંપૂર્ણ પ્રયત્ન છે અને આ સ્વપ્નને પૂર્ણ કરવાનો સમગ્ર ટીમનો સંકલ્પ પણ છે. આઈ.આઈ.ટી.ઈ.ના રજીસ્ટ્રાર મધુસુદન મકવાણા, સેન્ટર ઓફ એજ્યુકેશનના ડાયરેક્ટર અને ડીન કલ્પેશભાઈ પાઠક, આચાર્યો, અધ્યાપકો, નવનિયુક્ત અધ્યાપકોના પરીવારજનો અને આઈ.આઈ.ટી.ઈ. સ્ટાફના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.